# એક દિવસનો રાજા

એક જમાનો એવો હતો જ્યારે વડીલો રૂઢિપૂજક હતા. પ્રણાલિકાભંગ તેમને પસંદ નહોતો. સિદ્ધાંતપ્રેમી યુવક-યુવતીઓનું આ વડીલશાહી પાસે કંઈ ચાલતું નહીં. ભૌતિક મૂલ્યો અને સમાજના ડર સામે તેમને ઝૂકી જવું પડ્યું. કંઈ કંઈ નવું કરી બતાવવાના અને આદર્શમય જીવન જીવવાના તેમના અરમાન અધૂરા જ રહી જતા.

આજે જમાનો બદલાઈ ગયો છે - મારી ભૂલ થઈ, પરિસ્થિતિ નથી બદલાઈ, પાત્રો બદલાઈ ગયાં છે. એનું એ નાટક ફરી વાર ભજવાઈ રહ્યું છે, ફરક માત્ર એટલો જ છે કે ખલપાત્રની ભૂમિકા નાયક ભજવે છે અને નાયક-નાયિકાની ભૂમિકા ખલપાત્રો ભજવે છે.

રંગભૂમિ ઘેર ઘેર છે. ઋતુ મુખ્યત્વે લગ્નની હોય છે.

યાદ આવ્યું ને? પહેલાં વર કે વધૂનો આગ્રહ રહેતો કે લગ્ન સાદાઈથી થવાં જોઈએ. આજે એ આગ્રહ જુદી દિશામાં વળ્યો છે. હમણાં જ એક સંબંધીને ત્યાં લગ્ન ઉજવાયાં. દીકરો મનગમતી કન્યા પસંદ કરી લાવ્યો હતો. માતાપિતાએ તો ફક્ત સંમતિ જ આપવાની હતી. મને-કમને સંમતિ અપાઈ. આજકાલ ઘણાં બધાં માબાપ બદલાયેલો જમાનો પારખીને મોટા ભાગે સંમતિ આપી જ દેતાં હોય છે.

પછી નાટક શરૂ થયું.

અંક પહેલો

વરરાજા ઉવાચ - હૉલમાં રિસેપ્શન જામશે નહીં. ખુલ્લી જગ્યા લખાવી લો.

પિતાએ ડરતાં ડરતાં કહ્યું - ખુલ્લી જગ્યામાં ડેકોરેશનનો ખર્ચ વધારે આવશે.

તકિયા કલામઃ (વરરાજાને મોઢેથી) લગ્ન તો જિંદગીમાં એક જ વાર આવે છે. જોજો ન્યાતની વાડી ન લખાવતા. મોટું મેદાન જોઈશે.

વારુ, ભાઈ! મોટું મેદાન ભાડે મેળવાયું. થિયરમની પાછળ કોરોલરી આવે છે તેમ મેદાનની પાછળ ડેકોરેટર અને ડેકોરેટરની પાછળ કેટરરનું પણ

નક્કી થયું. વાનગીઓ વરરાજાની પસંદગીની હતી. બિલ અલબત્ત વરરાજાના બાપને ભરવાનું હતું.

## અંક બીજો

વરરાજા ઉવાચઃ કંકોતરી છપાવવાની છે. ડિઝાઇન હું જ પસંદ કરીશ. પિતાએ નબળી દલીલ કરી જોઈ - આ તો લગભગ વીસેક રૂપિયાની થશે.

જવાબમાં તકિયા કલામ - લગ્ન તો જિંદગીમાં એક જ વાર આવે છે.

પિતા ઝૂકી ગયા. વીસ રૂપિયાવાળી કંકોતરી છપાવા લાગી.

આમંત્રિતોની યાદીમાંથી સગાંનાં નામ કાઢી નાખવાનું અને મિત્રો, મિત્રોના મિત્રો તથા મિત્રોના મિત્રોના મિત્રોનાં નામ ઉમેરવાનું ભગીરથ કાર્ય વરરાજાએ ઉપાડ્યું અને ક્રોધ, રીસ, અબોલા આદિ શસ્ત્રોથી પાર પાડ્યું.

આ જ અંકમાં વરરાજા માટે વસ્ત્રોની તથા દાગીનાની પસંદગી અને ખરીદીનો બનાવ પણ બન્યો. પહેલાંના વરરાજાઓ દાગીના પહેરતાં શરમાતા અને તેમને પટાવી-ફોસલાવીને શણગારવામાં આવતા. જ્યારે આજે છોકરીઓ કરતાં પણ અધિક ઉત્સાહ દાખવીને વરરાજાઓ માત્ર વીંટી નહીં પણ ચેઇન-લૉકિટ સુધ્ધાં બનાવડાવે છે. વધારે હોંશીલા વળી હાથે પહેરવાનાં નામ લાગેલાં બ્રેસલેટ પણ કરાવે છે. જેમ વધારે વજનદાર તેમ વધારે સરસ એવી તેમની માન્યતા છે. દેહના સૌંદર્યવર્ધન માટે તેઓ ખાસ બ્યૂટીપાર્લરની મુલાકાત લે છે અને માથાના વાળના આકારપ્રકાર વિશે સાવધાની દાખવે છે. ચહેરા પર જાતજાતની ક્રિયાઓ થાય તેમાં તેમને કશું જ સ્ત્રૈણ લાગતું નથી. અને કપડાં?

વાત જ મૂકી દો!

લગ્નનો સૂટ સિવડાવવા એક આંટો બૅંગકોક મારી આવવાનું સસ્તું પડે એવું જ્યારે મેં પહેલી વાર સાંભળ્યું ત્યારે કાનમાં તમરાં બોલી ગયાં હતાં.

હવે નથી બોલતાં. આવાં વાક્યો અનેક વાર સાંભળી ચૂકી છું. હશે- કદાચ સસ્તું પડતું પણ હશે, આ બધી વાતમાં આપણે અજાણ કહેવાઈએ એમ સમજીને મન વાળું છું.

## અંક નંબર ત્રણ

આ ઘણો જ મોટો અને રસપ્રદ અંક છે. આમાં ફોટોગ્રાફર અને લગ્નનો અનિવાર્ય સંબંધ પિતાને સમજાવવામાં આવે છે. વિડિયો કૅસેટ ઉતરાવવાનું કેટલું સસ્તું પડે તે પણ કહેવામાં આવે છે.

“લગ્નપ્રસંગે ગાયક-ગાયિકાનું વૃંદ ન હોય તો લગ્ન ક્યાંથી શોભે?” વર પૂછે છે.

વરના પિતા માથું ખંજવાળે છે.

તકિયા કલામ - લગ્ન તો જિંદગીમાં એક જ વાર આવે છે.

ખરી વાત! વરના પિતા શરણાગતિ સ્વીકારે છે. લગ્નને લગતાં રાસગરબા અને સંગીતના જલસા જેવાં ફંક્શન અને તે પ્રસંગે થનાર ખાણીપીણીના ખર્ચનો હિસાબ કરવા માંડે છે.

હાશ! કરીને તે જરાક માથું ઊંચું કરવા જાય ત્યાં બીજી બે જોરદાર માગણી આવી પડે છે. લગ્ન પછી જુદો ખંડ જોઈશે. તે ખંડને ભોંયથી માંડીને છત લગી ઉખેડી નાખીને સદંતર નવો કરવો જોઈશે. નવુંનકોર ફર્નિચર લાવવું જોઈશે. આ ઓરડો લૉક કરવામાં આવશે અને તેની લૅચ કી વરરાજા તથા નવવધૂ પાસે જ રહેશે.

આ તબક્કે વરના પિતાની આર્થિક સ્થિતિ સંગીન હશે તો પણ તે ધ્રૂજી ઊઠશે. મુંબઈની સંકડાશમાં આ માગણીને પહોંચી વળતાં તેને ધોળે દિવસે તારા દેખાશે.

છતાં માની લો કે કોઈ પણ રીતે તે વરરાજાની આ માગણી સંતોષી લે અને પોતાના ઘરને સુતાર, પ્લમ્બર તથા કડિયા રંગારીનું રણમેદાન બનાવી દે તો પણ તેની મુસીબતોનો અંત આવતો નથી.

છેલ્લી માગણી જોરદાર છે.

લગ્નને દિવસે કોઈ પણ ભપકાદાર હૉટલમાં વરરાજા માટે રૂમ બુક કરાવો તથા હનીમૂનના આયોજન માટે પૈસા આપો.

ભલભલા મહારથી અહીં ભોંયભેગા થઈ જાય છે. હજારો રૂપિયાનું પાણી કર્યા સિવાય ગૃહસ્થાશ્રમના શ્રીગણેશ થઈ જ ન શકે એ વિચાર મગજમાં કોઈ રીતે પેસતો નથી.

પણ એ તે કંઈ ચાલે?

લગ્ન તો જીવનમાં એક જ વાર આવે છે ને! (આપણે ઇચ્છીએ કે આ લગ્ન ચિરસ્થાયી નીવડે. એક અને અનન્ય રહે... આપણે ચાલો ને, એમ પણ ઇચ્છીએ કે નવું જોડું ખૂબ સુખી રહે. પણ શું આજના જમાનામાં એ પણ શક્ય નથી કે આટલી ધામધૂમથી કરવામાં આવેલાં લગ્ન લાંબો સમય ના ટકે અને વળી પાછું લગ્નવિચ્છેદ અને બીજાં લગ્નનું ચક્કર ચાલુ થઈ જાય?)

જવા દો, વરરાજાને આવી વાત કદાચ ન ગમે. પણ આપણે શું તેને એટલું યાદ ન કરાવી શકીએ કે ભાઈ, દેવાળું પણ જીવનમાં એક જ વાર નીકળે છે?

એક દિવસ માટે હે વરરાજા! ભલે તું રાજા થા, પણ શું તારે આવતી કાલે આ રાજાપદનો ત્યાગ નથી કરવાનો? તારા કુટુંબની આ લગ્નને કારણે કથળેલી આર્થિક સ્થિતિની અસર સીધી યા આડકતરી રીતે તને નથી થવાની? જો તારે ભાઈબહેન હોય તો તેમનાં લગ્ન પણ તેં આંકેલા ચીલા પ્રમાણે જ થશે એનો તને વિચાર નથી આવતો? સાદાઈથી લગ્ન થાય તો તારા રાજાપણામાં શી ખામી આવી જાય એનો તેં વિચાર કર્યો છે? ભવિષ્યમાં તારા લગ્નના ફોટાનાં આલ્બમ કે વિડિયો કૅસેટ કોઈ જોવા તૈયાર નથી થવાનું એનો તને ખ્યાલ છે? જરા થોભ, અને વિચાર કર! ■